ॐ

# શ્રી સદ્‌ગુરુ પ્રવચન-પ્રસાદ

પ્રસાદ નં. ૧૦૦

રાત્રિચર્ચા ઉપરથી માગશર સુદ ૧૨

## સિદ્ધમાં જ્યોતમાં જ્યોત ભળી જાય છે?

કેટલાક જીવો માને છે કે જીવ સિદ્ધદશા પામ્યા પછી જ્યોતમાં જ્યોત ભળી જાય છે, તો તે વાત સાચી નથી. એક જીવની જ્ઞાનજ્યોતિમાં બીજા જીવની જ્ઞાનજ્યોતિ ભળી જતી હોય તો પોતાના જીવનો અભાવ થાય. પોતાનો જ અભાવ થયો તો પછી પોતે શું સાધ્યું? પોતાના જીવે પુરુષાર્થપૂર્વક રાગ ટાળી વીતરાગદશા પ્રગટ કરી, અનંત ચતુષ્ટય, અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ અને અનંત વીર્ય પ્રગટ કર્યા તેનો અનુભવ પોતાને ન રહે ને બીજામાં ભળી જતો હોય તો પછી સિદ્ધદશા પ્રગટી તેમાં પોતાના જ્ઞાન આનંદનો સ્વતંત્ર ભોગવટો રહેતો નથી. સંસારમાં પોતાના રાગ-દ્વેષ અજ્ઞાનનો ભોગવટો પોતે કરે અને જ્ઞાન થયા પછી અવિકારી શાંતરસનો પોતાને ભોગવટો ન હોય એમ કદી બની શકે નહિ, માટે સિદ્ધદશા થયા પછી પણ જીવ પોતાના અનંત ગુણોનો સ્વતંત્ર ભોગવટો કરે છે, ત્યાંપણ એક સિદ્ધની જ્યોતિ બીજામાં ભળી જતી નથી.

સંસારદશામાં જ્ઞાન રાગમાં અટકતું હતું. તે જ્ઞાન રાગમાં નહીં અટકતા જ્ઞાન સંપૂર્ણપણે પોતામાં એકાગ્ર થયું, તેને જ્યોતિમાં જ્યોતિ મળી એમ કહેવામાં આવે છે. પોતાનો ત્રિકાળી સ્વભાવ છે તે જ્ઞાન જ્યોતિ છે. તેમાં કેવળજ્ઞાનરૂપી જ્યોત ભળીને સાદિ અનંતકાળ અભેદ થઈ તે કથનને જ્યોતિમાં જ્યોત ભળી એમ કહેવામાં આવે તો વાંધો નથી, પણ તેથી એક સિદ્ધનો જીવ બીજામાં ભળી જાય છે એવો એનો અર્થ નથી.

# ઉપાદાન નિમિત્તની સ્વતંત્રતા

ઉપાદાનના કાર્ય મુજબ એક જ નિમિત્તમાં જુદા જુદા આરોપો

 એક સુંદર યુવતીનું મડદું જોઈ મુનિ વૈરાગ્ય પામે છે ને વિચાર કરે છે કે આ બાઈ યુવાન અવસ્થામાં મરણ પામીને મનુષ્યભવ મળવા છતાં તેની જીંદગી વ્યર્થ ગઈ, એમ આયુષ્યની ક્ષણભંગુરતા વિચારીને મુનિ વિશેષ વૈરાગ્ય લાવે છે, માટે તેમને યુવતીનું મડદું વૈરાગ્યમાં નિમિત્ત થાય છે.

 એ જ મડદાને જોઈને પરસ્ત્રીનો લંપટી પુરુષ વિચારે છે કે આ બાઈ બહુ રૂપાળી ને જુવાન છે તે જીવતી હોત તો હું તેની સાથે સંસાર સુખ ભોગવત, એમ તે જીવને બાઈનું મડદું વિષયના કુવિચારમાં નિમિત્ત થાય છે.

 એ જ મડદાને જોઈને કૂતરો વિચારે છે કે આજુબાજુના માણસો ચાલ્યા જાય પછી તેનું માંસ ખાઉં, તેથી તે કૂતરાને માંસ ભક્ષણના ભાવમાં તે મડદું નિમિત્ત થાય છે.

 એજ મડદાના શરીર ઉપરના દાગીના જોઈને ચોરને ચોરીના ભાવ થાય છે, માટે તેને તેમાં નિમિત્ત થાય છે.

યુવતીનું મડદું તો એક જ છે. જો નિમિત્ત પર પદાર્થમાં કાંઈ કરી દેતું હોય તો બધાને એક સરખા ભાવ થવા જોઈએ, પણ એમ બનતું નથી. આ દ્રષ્ટાંતમાં તો એક જ વસ્તુ ચાર પ્રકારે નિમિત્તરૂપે થઈ છે. એક ચીજમાં અનેક પ્રકારે નિમિત્ત થવાની યોગ્યતા છે. પણ ઉપાદાનમાં જેવું કાર્ય થાય તેવો આરોપ નિમિત્ત ઉપર આપવામાં આવે છે, એમ સમજે તો અનાદિકાળની પરપદાર્થ સાથેની એકત્વબુદ્ધિ ટળે ને સ્વયં આત્મબુદ્ધિ થતાં ધર્મ પ્રગટે.

માગશર વદ ૧, સોમવાર

## રાત્રિચર્ચા

## દરેક પર્યાય સત્ અહેતુક છે

(૧) કેટલાક જીવો એમ માને છે કે વર્તમાન જાતિસ્મરણ જ્ઞાનની પર્યાય પૂર્વના સંસ્કારને લીધે આવી છે, તો તે માન્યતા ભૂલ ભરેલી છે. કારણ કે પૂર્વની જ્ઞાનપર્યાય તો ભૂતમાં ગઈને, તે તો વર્તમાનમાં પોતાનું જ્ઞેય છે. એટલે જે જીવ ભૂતપર્યાયથી અથવા સંસ્કારથી વર્તમાન જ્ઞાન થયું એમ માને છે, તે જીવ જ્ઞેયથી જ્ઞાન થયું માને છે, ને તેમ માનવાથી જ્ઞેય જ્ઞાયક સંકરદોષ આવે છે.

વળી કોઈ જીવ એમ માને કે ભૂતની પર્યાય દ્રવ્યમાં ભળી છે માટે તેમાંથી વર્તમાન સ્મૃતિની પર્યાય આવી છે, એ માન્યતા પણ બરાબર નથી. જો કે ભૂત પર્યાયો દ્રવ્યમાં ભળે છે તે વાત બરાબર છે પણ તેના ભળવાથી ધ્રુવ-સ્વભાવ વર્તમાન સ્મૃતિરૂપ પર્યાય કરવાને સામર્થ્યવાન થયો છે એમ નથી. ધ્રુવ સ્વભાવ અનાદિ અનંત, અનંતી અનંતી શક્તિઓનો સાગર ભરેલો છે તેમાંથી વર્તમાન સ્મૃતિની પર્યાય પોતાના વર્તમાન પુરુષાર્થ અનુસાર પ્રગટ થાય છે. ભૂતકાળનું જ્ઞાન કરવાની સામર્થ્યવાળી પર્યાય વર્તમાનમાં પોતે નવી પ્રગટ કરે છે. આવું કાર્ય થાય છે ત્યારે તે પૂર્વના સંસ્કારને લીધે થયું એમ પૂર્વ પર્યાયનું જ્ઞાન કરાવવા કથન કરવામાં આવે છે.

(૨) કોઈ જીવ મિથ્યાદ્રષ્ટિ છે તેનું મિથ્યાદ્રષ્ટિપણું બે સમયનું ભેગુ થતું નથી. તે તો એક સમય જ રહે છે કારણ કે તે પર્યાય છે. નવા નવા મિથ્યાત્વના ભાવ પોતે સમયે સમયે કરે છે. અનાદિનો મિથ્યાદ્રષ્ટિ છે, માટે વર્તમાનમાં મિથ્યાદ્રષ્ટિપણું છે. એમ નથી પણ નવા મિથ્યાત્વના ભાવ વર્તમાન પોતાના અજ્ઞાનના કારણે કરે છે ત્યારે

પૂર્વમાં આવા મિથ્યાત્વના ભાવ હતા માટે વર્તમાનમાં થયા એમ ઉપચાર કરવામાં આવે છે.

(૩) કોઈ સમ્યક્દ્રષ્ટિ છે, તેણે પૂર્વે ધ્રુવ ચૈતન્ય સ્વભાવનો અભ્યાસ કર્યો હતો માટે વર્તમાન સમકિતની પર્યાય વર્તે છે, એમ નથી. વર્તમાનમાં પોતે અખંડ રાગરહિત સ્વભાવની શ્રદ્ધારૂપ સમકિત ટકાવી રાખે છે. એટલે પૂર્વ સંસ્કારને લીધે સમકિત રહ્યું છે એમ ઉપચાર કરવામાં આવે છે.

(૪) શુક્લધ્યાન મોક્ષનું કારણ ઉપચારથી કહેવાય છે. તે પણ ખરેખર કારણ નથી. શુક્લધ્યાન તો પર્યાય છે ને સિદ્ધદશા પણ પર્યાય છે. પર્યાયમાંથી પર્યાય આવી શકે નહિ. અનાદિ અનંત દ્રવ્ય એક જ મોક્ષનું કારણ છે, પોતે મોક્ષદશા પ્રગટ કરે છે ત્યારે શુક્લધ્યાનને વ્યવહારથી કારણ કહેવામાં આવે છે.

વર્તમાન જ્ઞાનના ઉઘાડનો, વિકારનો, અવિકારનો કે મોક્ષદશાનો સંમય એક જ સમય પૂરતો છે. તે કર્મને લીધે નથી, નિમિત્તને લીધે નથી ને પૂર્વ પર્યાયને લીધે પણ નથી. દરેક પર્યાયનો કાળ એક જ સમયનો છે, પછી તે પર્યાય વિકારી હો કે અવિકારી હો, મતિજ્ઞાનની હો કે કેવળજ્ઞાનની હો પણ પર્યાયનો કાળ એક જ સમયનો છે. પહેલા સમયનો પર્યાય વ્યય થયો, જે વ્યય થયો તે શું મદદ કરે ? આ ભવના એક સમય પહેલાંનો પર્યાય વર્તમાન પર્યાયને મદદ કરતો નથી તો પૂર્વભવના સંસ્કારે વર્તમાન પર્યાયમાં મદદ કરી એ કેવી રીતે બની શકે? ન જ બની શકે.

જગતમાં દ્રવ્ય, ગુણ ને પર્યાય એમ દરેક વસ્તુના ત્રણ પ્રકાર છે. સંસ્કાર દ્રવ્ય છે, ગુણ છે કે પર્યાય છે? સંસ્કાર દ્રવ્ય કે ગુણ નથી પણ પર્યાય છે. જ્યારે પર્યાય છે તો પર્યાય એક જ સમય રહે છે. પર્યાય બે સમય રહી શકે નહીં. માટે ભૂતના સંસ્કારને લીધે જાતિસ્મરણજ્ઞાન થયું,પૂર્વના ખોટા સંસ્કારને લીધે મિથ્યાદ્રષ્ટિપણું થયું. પૂર્વના સમકિતને લીધે વર્તમાન સમકિત ટક્યું ને શુક્લધ્યાનને લીધે મોક્ષદશા થઈ એ વાત

નિશ્ચયદ્રષ્ટિએ સાચી નથી પણ પૂર્વ પર્યાયનું જ્ઞાન કરાવવા ઉપચારથી તેવું કથન કરવામાં આવે છે. વર્તમાન ઊંધો પુરુષાર્થ કરે તો સંસાર અને વર્તમાન સવળો પુરુષાર્થ કરે તો ધર્મ પ્રાપ્ત થાય છે.

અહીં મોક્ષની પર્યાય તે કાર્ય ને શુક્લધ્યાનની પર્યાય તે કારણ એમ પણ કહ્યું નથી. પણ દ્રવ્ય એક ને જ કારણ કહ્યું છે. તો પછી નિમિત્તોને શુભરાગની વિકારી પર્યાયથી ધર્મ પ્રગટ થાય એમ કદી બનતું નથી.

દરેક પર્યાય સત્ અહેતુક છે એમ જો યથાર્થ જ્ઞાન કરે તો નિમિત્તો ઉપરથી, કર્મ ઉપરથી, પૂર્વ પર્યાય ઉપરથી, રાગ ઉપરથી તથા અધૂરી નિમિત્ત પર્યાય ઉપરથી લક્ષ ઉઠી જાય એટલે કે પરાધીન દ્રષ્ટિને અંશ દ્રષ્ટિ નાશ પામે અને ત્રિકાળી દ્રવ્ય સાથે સંબંધ જોડતા સાચી દ્રષ્ટિ થાય ને તેના આશ્રયે ધર્મ દશા પ્રગટ થઈને અંતે મોક્ષદશાને પ્રાપ્ત થાય છે. માટે પોતાની વર્તમાન પર્યાયનો પોતાના ત્રિકાળી દ્રવ્ય સાથે સંબંધ જોડવો એ જ ધર્મનું કારણ છે.

પ્રસાદ નંબર ૧૦૨
રાત્રિચર્ચાના આધારે (માગશર વદ ૧)

# ૐ મંત્રનું સાચું રહસ્ય

ૐ મંત્રને અથવા શબ્દ તો ઘણા જીવો બોલે છે અને લખે છે, પણ ભાવ ૐ જાણ્યા વિના દ્રવ્ય ૐ શબ્દ માત્ર કાંઈપણ કાર્યકારી થતો નથી. ૐ શબ્દ તો વાચક છે, ને તેનું વાચ્ય જે ૐનું સ્વરૂપ છે તે જીવે જાણવું જોઈએ.

પહેલાં ૐનો વ્યુત્પત્તિ પ્રમાણે અર્થ નીચે મુજબ છે :–

અર્હંતનો અ, અશરીરી સિદ્ધનો અ, આચાર્યનો આ, ઉપાધ્યાયનો ઉ, તથા મુનિનો મ, તે પ્રમાણે પંચ પરમેષ્ઠીના પ્રથમ અક્ષરો અ+અ+આ+ઉ+મ નો ૐ શબ્દ થાય છે.

## વ્યવહાર અર્થ

**અર્હન્ત :–**ક્ષુધા, તૃષા આદિ અઢાર દોષ રહિત, કેવળજ્ઞાનાદિ અનંત ચતુષ્ટય જેમને પ્રગટ થયા છે. જે પરમ ઔદારિક શરીર સહિત પરમાત્મપદે બિરાજે છે તે અર્હન્ત ભગવાન છે, તીર્થંકર ભગવાનને દિવ્યધ્વનિ હોય છે.

**સિદ્ધ :–**અર્હન્તદશા પછી બાકીની પ્રતિજીવી ગુણોની અશુદ્ધતા-યોગનું કંપન વગેરે અશુદ્ધતાનો નાશ કરીને, નિમિત્તરૂપે સર્વે પ્રકારના કર્મનો ક્ષય કરી અશરીરીદશાને પ્રાપ્ત કરી લોકના અગ્રભાગે બિરાજે છે, ને જે ફરી સંસારમાં આવતા નથી એવી સંપૂર્ણ શુદ્ધદશાને પ્રાપ્ત કરેલ છે તે સિદ્ધ ભગવાન છે.

**આચાર્ય-ઉપાધ્યાય-મુનિ :** આ ત્રણે મુનિનું સ્વરૂપ છે, સમ્યક્દર્શન સહિત અંતરદશામાં આગળ વધતાં, શરીર ને રાગથી જુદી સ્વરૂપ લીનતાને

જેઓ સાધી રહ્યા છે, તથા અર્હન્ત, સિદ્ધદશા પ્રાપ્ત કરવાનો જેમનો અડગ પુરુષાર્થ છે તેવા સાધક, આચાર્ય, ઉપાધ્યાય ને મુનિ છે.

આ પંચ પરમેષ્ઠીની ટૂંકી વ્યાખ્યા છે. પંચ પરમેષ્ઠીના સ્વરૂપને માત્ર વ્યવહારથી જાણે તો પણ તેમના સ્વરૂપને યથાર્થપણે જાણ્યું, એમ કહી શકાતું નથી.

## ૐનું વ્યવહાર સ્વરૂપ સાચું જાણ્યું ક્યારે કહેવાય?

અર્હન્ત તથા સિદ્ધ વગેરે આત્માની શુદ્ધદશાઓ છે. તે દ્રવ્ય કે ગુણ નથી. પંચ પરમેષ્ઠી સ્વરૂપ આ આત્મા પોતે જ છે. આત્મા પરપદાર્થ કે શરીરથી અત્યંત જુદો છે તેમજ રાગ ને અધૂરીદશા પણ તે કાયમી સ્વરૂપ નથી એવા ભાનપૂર્વક આ આત્મા પણ સ્વભાવમાં લીનતા કરી મુનિપણું પ્રગટ કરી શકે છે ને તેથી આગળ વધીને પોતે અર્હન્ત ને સિદ્ધદશા પ્રગટ કરી શકે છે, તેને કોઈ કાળ નડતો નથી, વળી પાંચ પરમેષ્ઠી મારે આત્માની નિર્મળદશાને પ્રાપ્ત કરવા માટે મદદગાર નથી, આત્મા પોતે પોતાના પુરુષાર્થથી આગળ વધે છે, પંચ પરમેષ્ઠીરૂપ અવસ્થા તે તે ભગવંતોમાં રહી. હું આત્મા પોતે પંચપરમેષ્ઠીરૂપ થઈ શકું એમ છું. એમ શ્રદ્ધા-જ્ઞાન કરી પંચપરમેષ્ઠીરૂપ પર્યાયોને પોતામાં પ્રગટ કરવાનો અટલ પ્રયત્ન જે જીવ કરે છે તે પરમેષ્ઠીના સ્વરૂપને સમજ્યો છે તે જીવ ૐ શબ્દના વાચ્યને સમજ્યો છે અને તે જીવ પંચ પરમેષ્ઠીરૂપ પોતે થવાનો એટલે કે સાધકદશાથી આગળ વધીને સિદ્ધ થવાનો છે, આ ૐ શબ્દનો વાચ્ય એટલે ભાવ છે.

ૐ ધ્વનિ શ્રી તીર્થંકર સર્વજ્ઞના શ્રીમુખેથી નીકળતી દિવ્યધ્વનિ છે. તેમના હોઠ બંધ હોય છે. આખા શરીરમાંથી તે ધ્વનિ નીકળે છે. ૐ ધ્વનિ સુણીને ગણધરો વિચારે છે અને અન્ય શ્રોતાઓ પોતાની લાયકાત પ્રમાણે સમજે છે.

ૐ ધ્વનિ અથવા ૐ શબ્દનો ભાવ સમજ્યા વગર માત્ર ૐ શબ્દ બોલે, તેના જાપ જપે, નવકાર લાખો ગણે ને સાક્ષાત્ ૐ ધ્વનિ સાંભળે તો પણ તે કાર્યકારી નથી. કષાયની મંદતા હોય તો પુણ્ય બંધાય પણ સંસારનું પરિભ્રમણ મટે નહિ, માટે ૐ શબ્દ તે વાચક છે ને—તેનું વાચ્ય પંચ પરમેષ્ઠીરૂપ આ આત્મા પોતે છે, એમ ભાવ સમજવો જોઈએ.

## રાત્રિચર્ચાના આધારે

માહ સુદ-૯, રવિવાર

જે જીવ એમ માને છે કે સામા જીવના હિત માટે અમુક જાતનો ઉપદેશ આપવો જોઈએ, તે જીવ તો સ્થૂળ ભૂલમાં અટકે છે.

(૧) પ્રથમ તો ભાષા વર્ગણા સ્વતંત્ર નીકળે છે, ને તે જડની પર્યાય છે. તેને આત્મા કરી શકતો નથી છતાં અજ્ઞાની જીવ માને છે કે અમુક પ્રકારે મારે બોલવું જોઈએ.

(૨) સામા જીવને જ્ઞાન થયું છે તે પોતાથી થયું છે છતાં ઉપદેશકની વાણીથી જ્ઞાન થયું એમ અજ્ઞાની માને છે.

(૩) ઉપદેશનો રાગ પોતાની નબળાઈથી થયો છે, એમ નહીં માનતા બીજા જીવને લઈને ઉપદેશનો રાગ થયો એમ અજ્ઞાની માને છે.

(૪) ઉપદેશનો વિકલ્પ પોતાને માટે જ્ઞેય છે ને પર માટે પણ જ્ઞેય છે. એમ નહીં માનતા પોતે ઉપદેશ દેવો જોઈએ ને ઉપદેશથી સામાનું કલ્યાણ થશે એમ અજ્ઞાની માને છે.

આવી રીતે અજ્ઞાની જીવ વસ્તુ સ્વરૂપમાં ભૂલ કરે છે. નિમિત્તના કથનો શાસ્ત્રમાં ઘણા પ્રકારે આવે ત્યાં પોતાનું જ્ઞાન, વાણી, રાગ અને સામા પદાર્થોની સ્વતંત્ર અવસ્થા જેમ છે તેમ સમજી, નિમિત્તના આરોપનો અર્થ બરાબર સમજે તો શાસ્ત્રના વાક્યોને બરાબર સમજ્યો કહેવાય. બહારના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને લીધે વાણી આવી નથી. વાણીનો વિકલ્પ આવતા જ્ઞાનીએ જ્ઞાનમાં રહીને જ્ઞાન કર્યું છે. જ્ઞાનીની વિકલ્પ ઉપર રુચિ નથી, પરના કારણે વિકલ્પ જ્ઞાનીને નથી. સભા મોટી જોઈ માટે વાણી આવી નથી. આમ જડની પર્યાય, વિકારી પર્યાય, સામા જીવની પર્યાય ને જ્ઞાનની પર્યાયનો જેમ છે તેમ નિર્ણય કરવો તે જ ધર્મ અને શાંતિ છે.

માગશર સુદી-૮, શનિવાર

## રાત્રિચર્ચાના આધારે

પ્રશ્ન : શ્રેયાંસકુમારે મુનિ અવસ્થામાં વિચરતા ભગવાન ઋષભદેવને આહાર આપ્યો તેમાં શું છે ?

ઉત્તર : આહારદાનનો ભાવ તે વિકલ્પ છે, તે શુભભાવ છે, તે શુભભાવનું ધણીપતું છોડી સ્વભાવ તરફ રુચિ ને વલણ તે ધર્મ છે.

સ્વરૂપદાન વગર ભવનો નાશ થાય નહિ, પરવસ્તુનું દાન જીવ આપી શકતો નથી ને શુભભાવ મારા સ્વરૂપમાં નથી એમ સમજી સ્વરૂપમાં ઠરવું તે સ્વરૂપદાન છે. તે સ્વરૂપદાનથી સંસારનો અંત આવે છે. સ્વભાવમાં ભવ નથી એ દ્રષ્ટિ થયા વગર ભવ તૂટે નહિ. પુણ્યની રુચિ ભવનું કારણ છે.

માગશર સુદી ૨, સોમવાર

# રાત્રિચર્ચા

પ્રશ્ન : ભગવાનની ભક્તિ ભવો ભવ હજો, એમ ભક્તિ કરતી વખતે ગવાય છે ને?

ઉત્તર : જ્ઞાની જીવો ભક્તિમાં વીતરાગતાની માગણી કરે છે. સંયોગની માગણી કરતાં જ નથી. એક પણ ભવ જ્ઞાનીને દ્રષ્ટિમાં નથી. અશુભનો વિકલ્પ તોડી શુભનો વિકલ્પ આવે છે ત્યારે ભગવાન તરફ લક્ષ જાય છે, પણ પ્રધાનતા નિર્વિકલ્પતાની જ છે, રાગની રુચિવાળાને ભગવાન નિમિત્ત કહેવાતા નથી, પણ જે સ્વ તરફ ઢળે છે તેને ભગવાન નિમિત્ત કહેવાય છે, સ્વભાવ તરફ ઢળવું આ એક જ નિર્વિકલ્પ થવાનો—રહેવાનો—વધવાનો ઉપાય છે.

પ્રસાદ નં. ૧૦૩

## રાત્રિચર્ચા ઉપરથી

માગશર વદ-૧, તા. ૪-૧૧-૫૧

## દરેક વસ્તુને તેના સ્વભાવથી જોવી તે ધર્મનું કારણ છે.

જડ દ્રવ્યનો ચેતન દ્રવ્યમાં અત્યંત અભાવ છે તથા એક પુદ્ગલદ્રવ્યની વર્તમાન પર્યાયનો બીજા પુદ્ગલદ્રવ્યની વર્તમાન પર્યાયમાં અન્યોન્યઅભાવ છે. છતાં અજ્ઞાની જીવ માને છે કે કુંભારે ઇચ્છા કરી, તેનો હાથ ચાલ્યો ને તેથી ઘડો થયો.

ત્યાં કુંભારના જીવને તથા ઘડાને અત્યંત અભાવ વર્તે છે, કુંભારના હાથની પર્યાયને તથા ઘડાની પર્યાયને અન્યોન્યઅભાવ વર્તે છે અને ઘડાની વર્તમાન પર્યાયનો તેની પૂર્વ પર્યાયમાં તથા આગામી પર્યાયમાં પ્રાગભાવ ને પ્રધ્વંસાભાવ વર્તે છે. આમાં કોણ કોને કરે? ઘડાની પોતાની

પર્યાય તેની બીજી પર્યાયને કરી શકે નહિ તો પછી કુંભાર ઘડાને કરી દે એમ માનવું તે તો સ્થૂલ અજ્ઞાન છે.

દરેક વસ્તુને તેના પોતાના સ્વભાવથી જુએ તો યથાર્થજ્ઞાન થાય એમ છે. ઉપાદાન વસ્તુને તેના તેના સ્વભાવથી જુઓ અને નિમિત્તોને પણ તેના પોતાના સ્વભાવથી જુઓ.

સ્ત્રીનો જીવ મુનિપણું લઈ શકતો નથી. સ્ત્રીનું શરીર મળ્યું છે અથવા કર્મનો ઉદય છે માટે તે જીવ મુનિપણું લઈ શકતો નથી, એમ નથી. પણ સ્ત્રીનું શરીર જેને નિમિત્તરૂપે મળ્યું છે તેવા આત્માની પોતાની એવી જ વર્તમાન યોગ્યતા છે કે તે પાંચમા ગુણસ્થાન કરતાં વિશેષ સ્થિરતા કરી શકતો નથી. છઠ્ઠી નારકીનો જીવ ત્યાંથી નીકળીને બીજે ભવે મનુષ્ય થાય તો પણ તે મનુષ્યભવમાં મુનિપણું લઈ શકે નહિ. પૂર્વે છઠ્ઠી નરકમાં હતો માટે તે મુનિપણું લઈ શકતો નથી—એમ નથી પણ તે મનુષ્યભવમાં એવી જ તેની વર્તમાન યોગ્યતા છે કે તે મુનિપણા જેટલો પુરુષાર્થ કરતો નથી.

પાંચમી નારકીનો જીવ ત્યાંથી નીકળીને બીજે ભવે મનુષ્ય થાય તો મુનિપણા સુધીનો પુરુષાર્થ કરી શકે છે પણ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકે નહિ. પૂર્વે પાંચમી નરકમાં હતો માટે કેવળજ્ઞાન પ્રાપ્ત કરી શકતો નથી, એમ નથી પણ તે ભવમાં એવી જ તેની વર્તમાન યોગ્યતા છે કે તે કેવળજ્ઞાન જેટલો પુરુષાર્થ કરતો નથી.

આત્માનું કોઈપણ કાર્ય કર્મને લીધે અથવા શરીરને લીધે અથવા નિમિત્તને લીધે નથી, તેમ જ પૂર્વપર્યાયને લીધે પણ નથી. સમય સમયનો પર્યાય સ્વતઃસિદ્ધ, સ્વતંત્ર, નિરપેક્ષ, સત્, અહેતુક છે.

બે કેરી છે, બંને વર્તમાનમાં લીલી છે. બીજે સમયે તેમાંથી એક કેરી લીલીમાંથી એકદમ પીળી થાય છે ને બીજી કેરી લીલી જ રહે છે. બન્ને પુદ્‌ગલદ્રવ્યપણે સરખી છે, બન્ને સ્પર્શાદિ ગુણપણે સરખી છે, છતાં બન્નેની પર્યાયોમાં આટલો બધો ફેર. તેનું કારણ શું? કેરીને કાંઈ કર્મનો ઉદય તો હોતો નથી. (કર્મનો ઉદય તો જીવમાં નિમિત્તરૂપે હોય છે.)

કારણ એક જ છે કે તે તે સમયની તે તે પર્યાયની યોગ્યતા. અન્ય કોઈ કારણ નથી. દરેક વસ્તુને તેના સ્વભાવથી જુઓ. એક કેરીનો પર્યાયસ્વબાવ તે સમયે લીલી રહેવાનો છે, ને બીજીનો પીળી રહેવાનો છે. સ્વભાવમાં તર્ક હોઈ શકે નહિ. જેમ દ્રવ્ય સત્ અહેતુક છે, ગુણ સત્ અહેતુક છે તેમ પર્યાય પણ સત્ અહેતુક છે. આમ દ્રવ્યસ્વભાવથી ને પર્યાયસ્વભાવથી દરેક પદાર્થનું યથાર્થ જ્ઞાન જીવ કરે તો શાંતિ ને સમાધાન થાય. માટે દરેક વસ્તુને તેના પોતાના સ્વભાવથી જોવી તે ધર્મ છે.

## સ્વકાળની પ્રતીતિ સાચી કરી ક્યારે કહેવાય?

(રાત્રિચર્ચાના આધારે ....માગશર વદ-૪, ગુરુવાર)

પ્રશ્ન : મોક્ષપર્યાય અત્યારે સાક્ષાત્ તો છે નહિ ને મોક્ષનો કાળ પણ ફરવાનો નથી, તો પછી મોક્ષની પર્યાય જ્યારે સ્વકાળે થવાની હશે ત્યારે થશે, એમ માનીએ તો?

સમાધાન : ભાઈ, તું મોક્ષપર્યાય સ્વકાળે થવાની છે એમ કહે છે તો તે મોક્ષની પર્યાય શેમાંથી થશે? મોક્ષની પર્યાય થવાની હશે ત્યારે થશે એવી માન્યતામાંથી થશે? વર્તમાન પર્યાયનો સ્વકાળ તો એક જ સમયનો છે. આ સમયે મોક્ષપર્યાય નથી તો 'નથી'માંથી અસ્તિ આવશે? કોનો સ્વકાળ આવશે? મોક્ષનો સ્વકાળ લાવીશ ક્યાંથી? દરેક પર્યાયનો સ્વકાળ તો સમયે સમયે છે જ. ક્યો સ્વકાળ ને કોનો સ્વકાળ લાવવો છે તે વિચાર કર્યા વિના અદ્ધરથી સ્વકાળની વાતો કરે છે. એક સ્વકાળમાંથી બીજો સ્વકાળ આવશે નહીં. શાસ્ત્રના શબ્દના આધારે સ્વચ્છંદતા પોષવી ન જોઈએ.

જે જીવ શાસ્ત્રનો ભાવ સમજી, નિમિત્તો, કર્મ, વિકાર ને પૂર્વપર્યાય ઉપરથી પોતાની દ્રષ્ટિ ને રુચિ ખેસવીને પોતાના જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરે

છે તથા પર પદાર્થનો આત્મા કર્તા નથી ને પુણ્યથી ધર્મ નથી—એમ નક્કી કરી માત્ર પોતાના શુદ્ધસ્વભાવનો આશ્રય કરે છે તેને સમ્યગ્દર્શનરૂપી નિર્મળ પર્યાય પ્રગટવાનો સ્વકાળ છે ને તે પુરુષાર્થ વધતાં મોક્ષદશાનો સ્વકાળ પ્રાપ્ત થાય છે. માટે ધ્રુવસ્વભાવની રુચિ કરવાથી જ ધર્મનો ને મોક્ષનો સ્વકાળ પ્રગટ થાય છે. આમ યથાર્થ શ્રદ્ધા કરવી.

# અનાદિ અનંતપણું વસ્તુનો સ્વભાવ છે

(રાત્રિચર્ચાના આધારે....માગશર વદ ૧)

જગત અનાદિઅનંત છે. માટે કેવળી ભગવાન જગતને અનાદિ અનંત જાણે છે. કોઈપણ અવસ્થા નવી થાય તેને કારણ હોઈ શકે, પણ જે વસ્તુ અનાદિ છે તેને કોઈ કારણ હોઈ શકે નહિ. નવું કાર્ય થાય તેમાં કારણ હોય. પહેલા-પછીપણું અનાદિ વસ્તુસ્વભાવમાં છે જ નહિ.

સંસાર અનાદિથી છે, સાધક ને બાધક જીવો અનાદિથી છે, જડકર્મો સંસારી આત્માના એકક્ષેત્રાવગાહે અનાદિથી છે, સિદ્ધ અનાદિથી છે, પુદ્ગલદ્રવ્યો પણ અનાદિથી છે.

અનંતનો સ્વભાવ જ અંત વગરનો છે પછી તેને અંતવાળો કહેવો કે જાણવો તે વિરુદ્ધ વાત છે.

હવે કેવળજ્ઞાનની વાત :

જેવી વસ્તુ હોય તેવી જાણે તો જ્ઞાન સાચું કહેવાય કે જેવી ન હોય તેવી જાણે તો જ્ઞાન સાચું કહેવાય? વસ્તુને આદિ ને અંતવાળી માને તો વસ્તુનો સ્વભાવ ખોટો ઠરે છે ને વસ્તુ અનાદિઅનંત હોવા છતાં જ્ઞાન તેને આદિઅંતવાળી જાણે તો જ્ઞાન ખોટું ઠરે છે. પહેલાં કોણ થઈ ગયું ને પછી કોણ રહેશે એમ કેવળજ્ઞાની કહી દે તો જ કેવળજ્ઞાની સાચા ને તો જ

કેવળજ્ઞાનનું સામર્થ્ય કહેવાય—એ દલીલ જ અજ્ઞાન ભરેલી છે. કારણ કે એમ માનવા જતાં વસ્તુનો સ્વભાવ ખોટો ઠરે છે ને જ્ઞાન પણ ખોટું ઠરે છે.

વસ્તુ અનાદિઅનંત જેમ છે તેમ જાણે ને માને તો વસ્તુનો સ્વભાવ સાચો માન્યો કહેવાય ને જ્ઞાન પણ સાચું કર્યું કહેવાય. માટે કોઈ પૂછે કે પહેલો ભવ ક્યો ને પહેલો પર્યાય ક્યો ? પહેલો ક્યો જીવ સિદ્ધ થયો, દુનિયાને છેડે કેટલા જીવો રહેશે? વગેરે પ્રશ્ન જ અસ્થાને છે. પહેલો ભવ નથી, પહેલો પર્યાય નથી, પહેલો સિદ્ધ નથી, કોઈ પહેલું પછી નથી. બધા દ્રવ્યો અનાદિથી છે ને અનંતકાળ સુધી રહેવાનાં છે. સામાન્ય-વિશેષ એકીસાથે છે. શ્રુતજ્ઞાનમાં ભલે પ્રત્યક્ષ ન જણાય પણ યથાર્થ નિર્ણય થઈ શકે છે ને કેવળજ્ઞાનમાં પ્રત્યક્ષ જણાય છે.

## જ્ઞાનનો મહિમા

[રાત્રિચર્ચાના આધારે...માગશર વદ ૦)]

કોઈપણ વસ્તુને જ્ઞાન ન જાણે તો જ્ઞાન જ શેનું? તે જ્ઞાન જ કહેવાય નહિ. જ્ઞાન દરેક વસ્તુને જાણી શકે એવો તેનો અમર્યાદિત સ્વભાવ છે. તેવી રીતે કોઈપણ વસ્તુ જ્ઞેય તરીકે ન જણાય તો તે જ્ઞેય શેનું? તે જ્ઞેય જ કહી શકાય નહી. દરેક વસ્તુ જ્ઞાનમાં જણાવાયોગ્ય છે માટે જ્ઞેય કહેવાય છે, એવી જ્ઞેયની યોગ્યતા છે.

એક મકાનને એક લાખ થાંભલા છે, દરેક થાંભલે હજાર હાંસો છે, એક એક હાંસે એકસો આઠ પૂતળી છે. તો કુલ કેટલી પૂતળી છે, તેનું જ્ઞાન છદ્મસ્થ જીવ અનુમાન વડે કરી શકે છે. એક એક પૂતળીને ગણવા જવી પડતી નથી. જો છદ્મસ્થનું અનુમાનજ્ઞાન આટલું કામ કરે છે તો જે સંપૂર્ણ

પ્રત્યક્ષ કેવળજ્ઞાન છે તે તો ત્રણ કાળ, ત્રણ લોકના સર્વ દ્રવ્ય-ગુણ-પર્યાયને એક સમયમાં યુગપદ્ જાણે છે. તેવું તેનું અમર્યાદિત સામર્થ્ય છે.

## મતિજ્ઞાનમાં કેવળજ્ઞાન પ્રત્યક્ષ છે

(આત્મધર્મ અંક ૧૯માંથી ઉદ્ધૃત)

કેવળજ્ઞાન તે પૂર્ણ સ્વરૂપ છે અર્થાત્ અંશી (આખી વસ્તુ) છે અને મતિજ્ઞાન તે અધૂરું જ્ઞાન એટલે કે કેવળજ્ઞાનનો અંશ(ભાગ) છે; જેનો એક અંશ પ્રત્યક્ષ છે તે અંશી પણ પ્રત્યક્ષ જ છે. એક અંશ પ્રત્યક્ષ હોય અને અંશી પ્રત્યક્ષ ન હોય તેમ બને નહીં, આ રીતે મતિજ્ઞાન તે કેવળનો અંશ હોવાથી ‘‘અંશ પ્રત્યક્ષ છે ત્યાં અંશી પણ પ્રત્યક્ષ જ છે’’ એ ન્યાયે મતિજ્ઞાનમાં કેવળજ્ઞાન પણ પ્રત્યક્ષ જ છે.

## સ્વાભાવિકભાવ—ઔપાધિકભાવનું સ્વરૂપ

(રાત્રિચર્ચાના આધારે.....માગશર સુદ ૧૨ બુધવાર)

નિત્ય પદાર્થ જે ત્રિકાળી ધ્રુવ છે તે એક સમય હયાત નથી એમ કહીને એક સમય ઓછો કરે તો તે નિત્ય કહેવાય નહીં અને પર્યાય જે અનિત્ય છે તે એક સમય કરતાં વધારે વખત રહે એમ કહો તો તે અનિત્ય રહેતી નથી, માટે અનિત્ય હોય તે એક સમય કરતાં વધારે સમયનો હોય નહિ.

આવી રીતે ધ્રુવ નિત્ય પદાર્થ ને અનિત્ય પર્યાય—એ બેનું યથાર્થ જ્ઞાન કરે તે જીવ પોતાના ધ્રુવસ્વભાવ તરફ વળે છે, ને ધર્મ પામે છે.

સ્વભાવિકભાવ-જ્ઞાતાદ્રષ્ટાભાવ તે ત્રિકાળી છે. કોઈ દિવસ ન હોય એમ બને જ નહિ.

ઔપાધિકભાવ એક સમયનો જ હોય, તે વધારે વખત રહે એમ બને જ નહિ.

## માટે

સંસાર કે જે ઔપાધિકભાવ છે તે એક સમયનો જ છે, એમ જ્ઞાન કરી તેના ઉપરની રુચિ ખેસવી પોતાનો સ્વભાવિકભાવ કે જે નિત્ય છે તેની રુચિ કરી સ્થિરતા કરવી તે ધર્મ છે.